શહેર-જિલ્લામાં આપઘાતના બનાવોમાં ચિંતાજનક વધારો

છેલ્લા બે મહિનાથી તો દરરોજ એક-બે વ્યક્તિ કેનાલમાં કુદીને કે ગળે ફાંસો ખાઈને સ્યુસાઈડ કરે છે : વધુ એક યુવાનનો કેનાલમાં ઝંપલાવી આપઘાત

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં દિન પ્રતિદિન આપઘાતના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. આપઘાતના આંકડાઓનો ગ્રાફ પણ બમણો થઈ જવાની અણી પર છે. છેલ્લા બે મહિનાથી તો દરરોજ એક થી બે વ્યક્તિઓ આપઘાત કરીને જીવન ટુંકાવે છે. ડભોડા, અડાલજ અને કલોલ તાલુકા પોલીસ સ્ટેશનની હદમાંથી પસાર થતી નર્મદા કેનાલ પેઢી દરરોજ એકાદ સ્થળેથી અને ક્યારેક બબ્બે સ્થળેથી મૃતદેહ મળી આવે છે. આજે પણ અડાલજ નજીક જમીયતપુરા નર્મદા કેનાલમાંથી અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો છે.

માનસિક તણાવ, કામમાં નિષ્ફળતા, ડીપ્રેશન, અભ્યાસમાં ઓછુ પરીણામ, કૌટુંબીક કલેશ, બેરોજગારી, બિમારી (શારીરિક-માનસિક), સારીરિક-માનસિક ત્રાસ, આર્થિક દેવુ, ગરીબાઈ, સહનશીલતાનો અભાવ, ઉપરી અધિકારીથી ત્રાસ, મોંઘવારી સામે ઓછી આવક તથા આધુનિક યુગમાં વધતી જતી મહત્વકાંક્ષાઓ સહિતના વિવિધ કારણોસર આપઘાતના બનાવોમાં ગાંધીનગર જિલ્લામાં વધારો થઈ રહ્યો છે. ગળેફાંસો, ઝેરી દવા ગટગટાવી, નર્મદા કેનાલમાં કે નદીમાં પાણીમાં ઝંપલાવી, એસીડ ગટગટાવી, શરીરે કેરોશીન છાંટી અગ્નિસ્નાન કરી લેવું, હાથમાં બ્લેડ મારીને નસ કાપી નાંખવી સહિતની વિવિધ પદ્ધતિઓ અપનાવીને હતાશ બની પડી ભાંગેલી વ્યક્તિ સ્યુસાઈડ કરી લેતા હોવાના કિસ્સાઓ જોવા મળે છે. ગાંધીનગર જિલ્લામાં સૌથી વધુ કેનાલમાં ઝંપલાવીને અને પંખે લટકી ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેવાના કિસ્સા સૌથી વધુ બને છે. જો કે આ બાબતનો સર્વે કરીને રેન્જ આઈ.જી. સમશેરસિંઘ દ્વારા જીંદગી હેલ્પલાઈન શરૂ કરીને કેનાલમાં બનતા આપઘાતના બનાવો રોકવા પ્રયાસ શરૂ કર્યો છે. ઉલ્લેખનીય બાબત છે કે ગાંધીનગરમાં છેલ્લા બે મહિનાથી દરરોજ એકાદ-બે આપઘાત પોલીસ ચોપડે નોંધાય છે. આજે પણ અડાલજ નજીક જમીયતપુરા નર્મદા કેનાલમાંથી ૩૦ થી ૩૫ વર્ષની વયના અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો છે. પોલીસે તેની ઓળખ માટે તજવીજ શરૂ કરી છે.

સે. ૩માંથી ડેન્ગ્યુનો એક કેસ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાંથી આજે ડેન્ગ્યુનો એક કેસ મળી આવ્યો છે. સે. ૩-એ ન્યુમાં આ કેસ નોંધાયો હોવાનું જાણવા મળેલ છે.

અર્બન મેલેરિયા તંત્ર દ્વારા દર્દીના ઘરની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ કરવામાં આવ્યું છે જો કે કોઈ જ નવા કેસ મળી આવ્યા નથી. ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના કેસો દેખા દીધી છે. અગાઉ બે છુટ્ટા છવાયા કેસો મળ્યા હતા. જો કે ગાંધીનગર શહેરમાં આ વખતે વાહકજન્ય રોગચાળો વકરે નહિ તે માટે તંત્રએ પણ સર્વેલન્સની કામગીરી સઘન બનાવી છે.

આ ઉપરાંત બાંધકામ સાઈટોપર તેણે ચેકિંગ વધાર્યું છે. શહેરમાં વાહક જન્ય રોગચાળો વકરે નહિ તે માટે તંત્રએ હવે તેની કામગીરીને સઘન બનાવવાની સાથે સાથે લોક જાગૃતિ અભિયાન પણ તેજ બનાવ્યું છે. એન્ટી લારવેલની કામગીરીને પણ વધુ સઘન બનાવાવમાં આવી છે. શહેરમાં જ્યાં પણ વરસાદી પાણીનો ભરાવો જણાય તો તાકીદે તેનો નિકાલ થાય તે માટેના પગલાંઓ પણ લેવામાં આવી રહ્યા છે.

જો કે શહેરમાં છુટાછવાયા મેલેરિયાના કેસો જે મળી રહ્યા છે તેમાં છેલ્લા એક સપ્તાહમાં થોડોક ઉછાળો જોવા મળી રહ્યો છે. નવા સેક્ટોરમાં જ્યાં બાંધકામ પ્રવૃત્તિ પૂરજોશમાં ચાલે છે ત્યાં થોડાક છુટાછવાયા કેસો જોવા મળ્યા છે.

શહેરના સ્લમ એરિયામાં પણ તંત્રએ આ વખતે લોહીના નમુનાઓ પરીક્ષણ માટે મેળવવા પર વધુ ધ્યાન કેન્દ્રીત કરી પરિસ્થિતિને નિયંત્રિત કરવાની વ્યુહરચના અપનાવી છે.

(તસવીર : દિપક જાની)

ગાંધીનગરનાં રાજમાર્ગો પર રખડતાં ઢોરોનો દબદબો : ગાંધીનગરના રાજમાર્ગો ઉપર આજકાલ રખડતાં ઢોરોની સંખ્યા વધતા વાહન વ્યવહાર અવરોધાય છે. ચ-માર્ગ અને ઘ-માર્ગ પર છેલ્લા દસ દિવસથી રખડતાં ઢોરની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. જેના કારણે વાહનચાલકો વધુ હાલાકી ભોગવી રહ્યા છે.

સંત સરોવરમાં ૨૦ ક્યુસેક પાણી

કાંઠા વિસ્તારનું કામ પૂર્ણ કરાયું

ચોમાસા બાદ નદીના ભાગમાં કામ હાથ ધરાશે વર્ષ ૨૦૦૬માં તૂટ્યા બાદ ગત સપ્ટેમ્બરમાં કામ શરૂ કરાયું હતું

ગાંધીનગર, તા. ૨૬

સંત સરોવર રીચાર્જ યોજનાનું કામ ૬ વર્ષના અંતે હાથ ધરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૦૬માં સંત સરોવર તુટ્યો હતો. ભારે વરસાદના સંજોગોમાં સંત સરોવરમાં માટીકામનું ધોવાણ થયું હતું. હાલ સંત સરોવરમાં ૨૦ ક્યુસેક પાણી આવ્યું છે. ગત સપ્ટેમ્બર મહીનામાં સંત સરોવરનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. હાલ નદીના કાંઠા સરખા કરવાનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જ્યારે ચોમાસા બાદ નદીના ભાગમાં પણ કામ શરૂ કરી દેવાશે. આગામી ડીસેમ્બર-૨૦૧૪ સુધીમાં આ યોજનાનું કામ પૂર્ણ કરવા આયોજન કરાયું છે.

સંત સરોવર રીચાર્જ યોજના અંતર્ગત સાબરમતી નદી પર જિલ્લાના ઈન્દ્રોડા ગામ પાસે બેરેજ ટાઈપ સ્ટ્રક્ટર બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. બેરેજ ખાતે સાબરમતી નદીના મુક્તસ્ત્રાવ ક્ષેત્રમાંથી મળતા કુલ વરસાદના ૮૦ લાખ ઘન મીટર પાણીનો સંગ્રહ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. પાણીના સંગ્રહને કારણે સંત સરોવર આડબંધના ઉપરવાસમાં ૬ કિ.મી. લંબાઈમાં સરોવરનું નિર્માણ થશે. જેના પરિણામે ગુડા હસ્તકના ૪૮૦૦ હેક્ટર જમીનમાં પાણી રીચાર્જ થતા ભૂગર્ભ જળના તળ ઊંચા આવશે. અંદાજિત ૧૦૮ કરોડના ખર્ચે ગત

ખૂણે... ...ખાંચરેથી

- શહેરી વિકાસ વિભાગની કાર્યશાળામાં હાજરી આપવા આજે મુખ્યમંત્રીશ્રી મોદી સાંજે ૪.૧૫ મિનિટે આવી પહોંચ્યા હતા. આ વખતે નાગરિક પુરવઠા વિભાગના ડૉ. આસ્તિક શહેરી સ્વરોજગાર યોજનાઓનું પ્રેઝન્ટેશન દર્શાવી રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીના આગમનને લઈ તેમને પ્રેઝેન્ટેશન ટુંકાવ્યું તો મુખ્યમંત્રીએ તેમને પુનઃ સ્ટેજ પર બોલાવી આખુ પ્રેઝેન્ટેશન પૂર્ણ કરવા જણાવ્યું.
- મોડી સાંજથી વાતાવરણમાં આખા દિવસના ઉકળાટ બાદ મેઘરાજાનું આગમન થયું છે.
- આરોગ્ય વિભાગના ગાંધીનગર ઝોનના વિભાગીય નાયબ નિયામક શ્રી કાનજીભાઈ પટેલને આજ જગ્યા પર રેગ્યુલર બઢતી સાથે નિમણુંક આપવામાં આવી છે.
- ગાંધીનગર મેડીકલ કોલેજના ડીન ડૉ. અરૂણ વ્યાસ રજા પર ગયા છે.
- રાજથના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને વિશ્વ હિંદુ ઈકોનોમીક ફોરમમાં સંબોધન માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. તેઓ ૧૦મી બેંગકોંક ખાતે આ ફોરમને સંબોધશે.
- ગુજરાત સરકારે ઈનોવેશન કાઉન્સીલની વિધિવત્ રચના કરી છે.
- ગાંધીનગર મનપાના આસિ. મ્યુનિ. કમિશ્નર શ્રી એસ.એમ. ચૌધરી રોડ સ્વીપીંગ મશીનના પરીક્ષણ માટે નવી દિલ્હી જઈ રહ્યા છે.
- મહાત્મા મંદિરમાં શહેરી વિકાસની કાર્યશાળાના સમારોપ સમારોહમાં રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાના સ્વાગતની જાહેરાત થઈ હતી પરંતુ મુખ્યમંત્રી શ્રી મોદીનું સ્વાગત મોના ખંધારે કર્યું હતુ.

ગાંધીનગર શહેરના ગ્રામીણ વિસ્તારોના પ્રશ્નો અંગે ધારાસભ્યની સંપર્ક યાત્રા

પ્રથમ રાઉન્ડમાં બોરીજ, ફતેપુરા, આદિવાડા ગામોની મુલાકાત : બીજી રાઉન્ડમાં ઈન્દ્રોડા, ધોળાકૂવા, પાલજ, બાસણ ગામોનો સંપર્ક કરાશે

ગાંધીનગર, તા. ૨૬

પ્રજાના પ્રશ્નોને વાચા આપવા અને સાચી સ્થિતિનો ખરો ચિતાર મેળવવા ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને સાથી અધિકારીઓએ તાજેતરમાં બોરીજ, ફતેપુરા અને આદિવાડા ગામોની મુલાકાત લીધી હતી અને ગ્રામજનોના સ્થાનિક પ્રશ્નો જાણ્યા હતા. બીજા રાઉન્ડમાં આ ટીમ ઈન્દ્રોડા ધોળાકૂવા, પાલજ અને બાસણ ગામની મુલાકાત લેશે એમ ધારાસભ્ય દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલની આગેવાની હેઠળ પાટનગર યોજનાના અધિકારીઓ સર્વશ્રી સી.પી. પટેલ (અધિક્ષક ઈજનેર) બી.કે. પંડ્યા (કાર્યપાલક ઈજનેર) જે.આર. મોઢકા (નાયબ કાર્યપાલક ઈજનેર), વી.આર. સુથાર (નાયબ કાર્યપાલક ઈજનેર) એમ.બી. પટેલ (નાયબ કાર્યપાલક ઈજનેર), આર.જી. વોરા (અધિક મદદનીશ ઈજનેર) તથા કર્મચારીગણે

● અનુસંધાન પાના - ૭ પર

મેનગ્રુવના સંરક્ષણ અંગે આંતરરાષ્ટ્રીય વર્કશોપ

ગાંધીનગર, તા. ૨૬

આંતરરાષ્ટ્રીય મેનગ્રુવ દિવસ નિમિત્તે ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા ભારતમાં મેનગ્રુવના સંરક્ષણ અંગે યોજવામાં આવેલા આંતરરાષ્ટ્રીય વર્કશોપનો આજે વિશ્વભરમાંથી આવેલા નિષ્ણાતોની ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે પ્રારંભ થયો હતો. મેનગ્રુવ સોસાયટી ઓફ ઈન્ડિયા, ગોવા તથા ઈન્ટરનેશનલ સોસાયટી ફોર મેનગ્રુવ ઈકો-સિસ્ટમ્સ, ઓકિનાવા, જાપાનના સહયોગથી યોજવામાં આવી રહેલા આ બે દિવસીય વર્કશોપનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યના વન તથા પર્યાવરણ વિભાગના મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ કર્યું હતું, જે પ્રસંગે ગુજરાત રાજ્યના વન તથા પર્યાવરણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે રાજ્ય સરકારના મુખ્ય સચિવ ડૉ. વરેશ સિંહા (આઈએએસ) અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

વર્કશોપના પ્રથમ દિવસે મુખ્યત્વે મેનગ્રુવના સંરક્ષણ અને પર્યાવરણનું જતન કરવામાં મેનગ્રુવની ભૂમિકા એ વિષય પર ચર્ચા હાથ ધરવામાં આવી હતી, જ્યારે બીજા દિવસે મેનગ્રુવના સંરક્ષણમાં જાહેર જનતાની ભાગીદારી તથા મેનગ્રુવના જતન માટે વધુ સંશોધન હાથ ધરવાની જરૂરિયાત એ વિષયો પર ચર્ચા કરવામાં આવશે. આ વર્કશોપ યોજવા પાછળનો મુખ્ય આશય મેનગ્રુવના સંરક્ષણ માટે જાણકારીનું આદાન પ્રદાન કરવાનો તથા આ માટેની નવી પ્રચલિત પદ્ધતિઓથી એકબીજાને પરિચિત કરાવવાનો છે. વર્કશોપ દરમિયાન યોજાનારા ચર્ચાસત્રો ઉપરાંત ડેલિગેટ્સને મેનગ્રુવના પ્લાન્ટેશનની મુલાકાતે પણ લઈ જવાશે.

પૃથ્વીની ૭૦ટકા સપાટી પાણીથી આચ્છાદિત છે અને આવી જગ્યાએ છવાયેલા મેનગ્રુવના સંરક્ષણ પ્રત્યે જોઈએ એટલું ધ્યાન આપવામાં આવતું નથી. મેનગ્રુવ કાર્બનનું શોષણ કરી શકવાની ક્ષમતા ધરાવતા હોવાથી પર્યાવરણના જતનમાં તે મહત્વની ભૂમિકા ભજવેછે.

તૃતીય વાર્ષિક પુણ્યતિથિએ

સ્વ. શ્રી ગોપાળજી મગનભા રાણા
સ્વ. તા. ૨૭-૭-૨૦૧૦

ચંદનસુ જીવન જીવીને સુખ સહુને દઈ ગયા,
ખુદ ઘસાઈને અમ કાજે સૌરભ પ્રસરાવી ગયા.
જીવન એવું જીવી ગયા કે કદી ભૂલાય નહીં
વિદાય એવી લીધી કે કદી વિસરાય નહીં.

પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રભુને પ્રાર્થના.

રાણા કરણસિંહ ગોપાળજી
રાણા અજીતસિંહ ગોપાળજી
રાણા વિનોદસિંહ ગોપાળજી
રાણા અશોકસિંહ ગોપાળજી
રાણા વનરાજસિંહ ગોપાળજી (ગટુભા)
વાઘેલા શોભારબા રણજીતસિંહ
રાણા વિજયસિંહ અજીતસિંહ
રાણા દિલીપસિંહ કરણસિંહ
રાણા મોન્ટુસિંહ વિનોદસિંહ
રાણા રાહુલસિંહ અશોકસિંહ
રાણા વિસ્પાલસિંહ વનરાજસિંહ ઉર્ફે માસ્તર
રાણા મેહુલસિંહ અશોકસિંહ

રાણા ગોપાળજી મગનભાઈ પરિવાર
મુ. ઘણપ, તા. જી. ગાંધીનગર.

શહેરના વિવિધ સાત માર્ગોની સુધારણા માટે વિભાગને દરખાસ્ત

ગાંધીનગર, તા. ૨૬

શહેરમાં રોડ નેટવર્કને ચકાચક બનાવવાની યોજના અન્વયે વધુ વિવિધ ૭ જેટલા માર્ગોનું નવીનીકરણ બાકી છે. ચાર વર્ષના નિયત સમયના અંતે આ માર્ગોની સુધારણાનું કામ અનિવાર્ય હોવાથી તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. સે. ૬ થી ૧૯માં પણ રસ્તાના અમુક કામો બાકી રહી ગયા છે.

શહેરમાં જૂના અને નવા સેક્ટરોમાં નિયત સમયગાળાના અંતે માર્ગ સુધારણાનું કામ હાથ ધરવામાં આવે છે. ચોમાસા પૂર્વ નગરના નવા સેક્ટરોમાં માર્ગ નવીનીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. સે. ૧ થી ૫માં ચાર વર્ષ બાદ માર્ગ નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત શહેરના મુખ્ય 'ઘ' અને 'ચ' માર્ગને પણ ચકાચક બનાવી દેવાયા છે જ્યારે સે. ૬ થી ૧૯માં પણ રસ્તા સુધારણાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. પરંતુ સે. ૨૦ થી ૩૦ના આંતરિક માર્ગોની દરખાસ્તે હજુ મંજુરી ન મળતા જૂના સેક્ટરોમાં રસ્તાઓની હાલત બદતર છે. શહેરમાં સેક્ટરોના આંતરિક માર્ગો ઉપલબ્ધ મુખ્ય રસ્તાઓની સુધારણાનું કામ હાથ હજુ બાકી છે. જ્યારે હાલ ચોમાસાના દિવસોમાં માર્ગ સુધારણાનું કામ બંધ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના રોડને ૧ થી ૩ નાનો 'ગ' માર્ગ, ખ-૭ થી ચરેડી થઈને રાષ્ટ્રીય ધોરીમાર્ગને જોડતા રસ્તા ઉપરાંત 'ક' માર્ગ અને છ-૫ થઈ છ-૩ વચ્ચેના રસ્તાનું કામ બાકી છે. જ્યારે સે. ૬ થી ૧૯માં પણ સેક્ટરના અમુક રસ્તાના કામો અધુરા રહી ગયા છે. સેક્ટરોમાં આંતરિક માર્ગોની હાલત પણ ઉબડ-ખાબડ હોવાથી નાગરિકોને હાલાકી વેઠવી પડે છે. તંત્ર દ્વારા માર્ગ નવીનીકરણના વિવિધ ૭ કામો સંદર્ભે અગાઉ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. ચોમાસાના અંતે તબક્કાવાર રસ્તાના કામોને મંજુરી અપાયા બાદ કામગીરી હાથ ધરાશે.

વાવોલમાં શેરીના કૂતરાઓએ ઘરફોડ ચોરી થતા બચાવી

શાલ્વીક હોમ્સમાં તસ્કરોએ મકાનનું તાળુ તોડ્યું ને કૂતરાઓએ ભસવાનું શરૂ કરતાં સિક્યુરીટી ગાર્ડ ડંડો લઈને ત્યાં પહોંચી ગયો : તસ્કરો ભાગ્યા

ગાંધીનગર, તા. ૨૬

કહેવાય છે કે વફાદારીનું બીજુ નામ એટલે શ્વાન...! વિદેશી ઈમ્પોર્ટેડ કિંમતી કૂતરાઓ હોય કે શેરીના માયકાંગલા બની ગયેલા દેશી કૂતરા હોય...! વફાદારી તેના લોહીમાં હોય તેનું ઉદાહરણ પુરૂ પાડતો કિસ્સો ગઈ રાત્રે ગાંધીનગર નજીકના ન્યુ વાવોલમાં બનવા પામ્યો હતો. શાલ્વીક હોમ્સ સોસાયટીમાં તસ્કરોએ મધરાતે એક બંગલાનું તાળુ તોડ્યુ ને શેરીના કૂતરાઓ ભેગા થઈ ગયા અને ભોંકવા લાગ્યા હતા. સામટા કૂતરાના ભસવાનો અવાજ સાંભળીને ઝોકુ ખાઈ ગયેલો સોસાયટીનો સિક્યુરીટી ગાર્ડ જાગી ગયો હતો અને તે દિશામાં દોડ્યો હતો. ત્યારે તો ખબર ન પડી કે કૂતરાઓ કેમ ભસતા હતા પરંતુ વહેલી સવારે ખબર પડી કે એક બંગલાનું તાળુ તુટ્યુ હતું.

ન્યુ વાવોલ ગામની શાલ્વીક હોમ્સ સોસાયટીમાં ગઈ રાત્રીએ શેરીના દેશી કૂતરાઓએ ઘોંઘાટ મચાવી મુક્યો હતો. એક જ દિશામાં કૂતરાઓ ભસવા લાગ્યા હતા. થોડીવાર માટે રાત્રે મીઠી નિંદરમાં જતાં રહેલા સોસાયટીના સિક્યુરીટી ગાર્ડ ઉઠી ગયા હતા અને ટોર્ચ તથા લાકડીનો દંડો લઈને કૂતરાઓ જ્યા ભસી રહ્યા હતા તે તરફ દોડ્યા હતા. પાંચ મિનિટમાં કૂતરાઓનો અવાજ બંધ થઈ ગયો...! વહેલી સવારે બંગલા નં. ૨૮ના દરવાજાનું તાળુ પડોશીએ જોયું તો તુટેલુ હતુ. તસ્કરો તાળુ તોડવામાં સફળ રહ્યા પરંતુ શેરીના કૂતરાઓનો અવાજ સાંભળતા ત્યાં પહોંચી ગયા હતા અને ભોંકી-ભોંકીને તસ્કરોને ઉભી પુછડીએ ભગાડ્યા હતા. આ બંગલામાં ભાડે રહેતા વ્યક્તિ બહારગામ હોવાથી હજુ સુધી ઘરફોડના પ્રયાસ અંગે પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com